LAR 369/2018

આંક– ૩૯

1 17:13 PM

નામઃ– અશોકભાઈ પોપટભાઈ કવાડીયા ઉ.વ. ૪૨

ધંધોઃ– આંકડાશાસ્ત્રી, એ.પી.એમ.સી.,હળવદ રહે. નવા ઘનશ્યામગઢ તા. હળવદ જી.મોરબી

**સોગંદ આપ્યા.......**

**અરજદાર તર્ફે સાહેદ નં.૧ શ્રી અશોકભાઈ પોપટભાઈ કવાડીયાની સોગંદ ઉપર સરતપાસ વિ.વ.શ્રી એમ.જે.ઝાલા**

(૧) આજરોજ હું નામદાર કોર્ટનાં સાહેદ સમન્સના આધારે કોર્ટ રૂબરૂ સાહેદી આપવા હાજર રહેલ છું. હું છેલ્લા ૨૦ વર્ષથી એ.પી.એમ.સી.,હળવદ ખાતે આંકડાશાસ્ત્રી તરીકે ફરજ બજાવું છું. મારી સાહેદ સમન્સની અરજીમાં જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવાઓમાં મારી સાથે સને ૨૦૧૨–૧૩ ની આવક તથા ભાવ કવીંટલમાં દર્શાવતું વાર્ષિક પત્રક કુલ એક પેજ આંકડાશાસ્ત્રી તરીકેની મારી સહી તથા અમારી સંસ્થાના સીલવાળું ઓળખી બતાવી રજુ કરુ છું. જે રજુ દાખલ **આંક–૪૦.**

(૨) તે ઉપરાંત હું આજરોજ મારી સાથે સને ૨૦૧૩–૧૪ ની આવક તથા ભાવ કવીંટલમાં દર્શાવતું વાર્ષિક પત્રક કુલ એક પેજ આંકડાશાસ્ત્રી તરીકેની મારી સહી તથા અમારી સંસ્થાના સીલવાળું ઓળખી બતાવી રજુ કરુ છું. જે રજુ દાખલ **આંક–૪૧.**

**સામાવાળા નં. ૧ તર્ફે ઉલટતપાસ વિ ડી.જી.પી.શ્રી વી.સી.જાની**

કલાક ૫:૧૮ સુધી બપોર બાદ વિ.વ.શ્રી હાજર નથી તથા તેમની ગેરહાજરીનો રીપોર્ટ રજુ ન હોય, સાહેદની ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવે છે.

**સામાવાળા નં. ૨ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એસ.જે.પંડયા**

કલાક ૫:૧૮ સુધી બપોર બાદ વિ.વ.શ્રી હાજર નથી તથા તેમની ગેરહાજરીનો રીપોર્ટ રજુ ન હોય, સાહેદની ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવે છે.

**ફેરતપાસ નથી.**

૧૬:૫૯

તા.૦૩/૦૭/૨૦૨૫ મારી રૂબરૂ
હળવદ.

સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા
તે ખરી અને કબુલ રાખેલ છે.

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
કોડ નં.જીજે. ૦૦૭૧૧

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ, હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧